# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 16-02-2025** **Evening : 7.10 to 7.20 pm**
**Day : Sunday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

---

1. રાજ્યભરમાં શાંતિપૂર્ણ માહોલમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટેનું મતદાન પૂર્ણ થયું
2. ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ કહ્યું , દેશભરમાં માઓવાદ અને નક્સલવાદ સામેની લડાઈમાં સફળતા મળતાં અનેક રાજ્યના વિકાસને વેગ મળ્યો
3. રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે વિશેષ લેખના માધ્યમથી વિદ્યાર્થીઓને પરીક્ષાથી ન ડરવાની સલાહ આપી
4. નર્મદાનાં ખેલાડી પ્રીતિ વસાવાએ ઉત્તરાખંડના રાષ્ટ્રીય રમતોત્સવમાં જિમ્નાસ્ટીક્સમાં કાંસ્ય ચંદ્રક મેળવ્યો
5. મહિલા પ્રીમિયર લીગ ક્રિકેટની ત્રીજી મેચ આજે ગુજરાત જાયન્ટ્સ અને યુપી વૉરિયર્ઝ વચ્ચે વડોદરામાં રમાશે

-----------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)
(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# STHANIK SWARAJYA ELECTIONs

રાજ્યભરમાં શાંતિપૂર્ણ માહોલમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટેનું મતદાન પૂર્ણ થયું. ક્યાંક સતાયુ મતદારોએ તો ક્યાંક લગ્નગ્રંથિમાં જોડાતાં પહેલાં યુવાનોએ મતદાન કરી પોતાની ફરજ નિભાવી હતી.

મહેસાણામાં વડનગર નગરપાલિકાની ચૂંટણીમાં 100 વર્ષથી વધુ વયના મતદાર ઓધારજી ઠાકોરે મતદાન કરી મતદાનનો વિશેષ સંદેશ આપ્યો હતો.

જ્યારે જામનગરમાં 92 વર્ષનાં નિર્મળાબેન વોરા વ્હીલચેરના સહારે પહોંચી મતદાન કર્યું. તો ધ્રોલના એક યુવકે પોતાના લગ્ન પહેલાં મતદાનની ફરજ નિભાવી હતી.

ભાવનગરમાં પણ એક મહિલાએ લગ્ન બાદ તરત જ મતદાન કર્યું.

છોટાઉદેપુર નગરપાલિકાની ચૂંટણીમાં મતદાન કરવા દિવ્યાંગ મહિલા પરિવારજનો સાથે માલવાહક રિક્ષામાં મતકાન કેન્દ્ર સુધી પહોંચ્યાં . જિલ્લામાં પ્રથમ વખત મતદાન કરનારાં ધ્રુમા ચૌહાણે આનંદ વ્યક્ત કર્યો હતો. આ નગરપાલિકામાં સરેરાશ 72.65 ટકા મતદાન નોંધાયું હતું.

પંચમહાલમાં કાલોલના મોગલવાડા વિસ્તારમાં રહેતાં 75 વર્ષનાં મહેકુંજાબીબી ઈસુબભાઈ શેખે મતદાન કરી સૌને મતદાનની ફરજ નિભાવવા અનુરોધ કર્યો.

ભરૂચમાં જંબુસર નગર સેવાસદનના વૉર્ડ નંબર એક , જિલ્લા પંચાયતની આછોદ બેઠક પર પેટાચૂંટણી માટે મતદાન પ્રક્રિયા યોજાઈ.

ખેડામાં સાંજે 5 વાગ્યા સુધીમાં ચકલાસીમાં 77.29, મહુધામાં 64.94, ખેડામાં 64.42, મહેમદાવાદમાં 58.25 અને ડાકોરમાં 55.58 ટકા સરેરાશ ..2..

મતદાન નોંધાયું હતું.

જ્યારે કઠલાલ તાલુકા પંચાયતમાં 60.67 અને કપડવંજ તાલુકા પંચાયતમાં 61.46 ટકા સરેરાશ મતદાન થયું.

સુરેન્દ્રનગરની થાનગઢ નગરપાલિકામાં સરેરાશ 54.73 ટકા મતદાન થયું.

બોટાદમાં બોટાદ નગરપાલિકામાં માત્ર 27.09 ટકા અને ગઢડા નગરપાલિકામાં 57.43 ટકા મતદાન નોંધાયું.

મહીસાગરની લુણાવાડા નગરપાલિકામાં સરેરાશ 59.93 ટકા મતદાન થયું.

ડાંગમાં સુબીર તાલુકા પંચાયતમાં સાંજે 5 વાગ્યા સુધીમાં 44.72 ટકા સરેરાશ મતદાન નોંધાયું છે.

તાપીની સોનગઢ નગરપાલિકામાં સરેરાશ 58.54 ટકા મતદાન થયું છે.

જુનાગઢ મહાનગરપાલિકામાં અત્યાર સુધી સરેરાશ 39.8 ટકા મતદાન નોંધાયાના અહેવાલ છે.

ઉલ્લેખનીય છે કે, જુનાગઢ મહાનગરપાલિકા, 68 નગરપાલિકા સાથે ત્રણ તાલુકા પંચાયત માટેના આજના મતદાન થકી 5 હજારથી વધુ ઉમેદવારોનું ભાવિ મતપેટીમાં કેદ થયું છે.

જુનાગઢ મહાનગરપાલિકામાં આઠ બેઠક અગાઉથી જ બિનહરીફ થઈ ગઈ છે. જ્યારે 66 નગરપાલિકાના 24 વૉર્ડ પણ બિનહરીફ જાહેર થયા છે. આજે કેટલીક જગ્યાએ ઈલેક્ટ્રૉનિક વૉટિંગ મશીન- EVM ખોટકાયાની પણ ઘટના સામે આવી હતી. મંગળવારે 18 ફેબ્રુઆરીએ મતગણતરી હાથ ધરાશે.

. . . . . . . . . . . . .

# HARSH SANGHAVI AIRFORCE PROG

ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ વાયુસેનાની પ્રશંસા કરતા કહ્યું કે , “આપત્તિના સમયમાં લોકોને બચાવવામાં વાયુસેના સૌથી આગળ હોય છે. ” ગાંધીનગરના નીલમ્બર સભાગૃહ ખાતે વાયુદળ મંડળ ગુજરાત શાખા દ્વારા યોજાયેલા આઠમા વાર્ષિક સ્મારક વ્યાખ્યાયનમાં શ્રી સંઘવીએ આ મુજબ જણાવ્યું હતું. તેમણે ઉમેર્યું , “ગત 10 વર્ષમાં દેશભરમાં માઓવાદ અને નક્સલવાદ સામેની લડાઈમાં મહત્વની સફળતા મળી છે , જેના કારણે અનેક રાજ્યના વિકાસમાં વધારો થયો છે.”

## (બાઈટઃ હર્ષ સંઘવી, ગૃહ રાજ્યમંત્રી)

આ કાર્યક્રમમાં ભારતીય વાયુસેનાના એકમાત્ર પરમવીર ચક્ર પુરસ્કાર વિજેતા ફ્લાઈંગ ઑફિસર નિર્મલજીત સિંહ સેખોન પીવીસીના બહાદુરી અને સર્વોચ્ચ બલિદાનને શ્રદ્ધાંજલિ આપવામાં આવી.

. . . . . . . . . . . . .

# Mehasan Rushikesh Patel – Samuhlagan

આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે મહેસાણામાં 32 દીકરીઓના સમૂહલગ્નમાં ઉપસ્થિત રહી તેમને આશીર્વાદ આપ્યા હતા. વિસનગર તાલુકાના ભાલક ખાતે યોજાયેલા સમારોહમાં શ્રી પટેલે યુવાનોને વધુને વધુ શિક્ષિત થવા આગ્રહ કર્યો હતો.

## (બાઈટ - ઋષિકેશ પટેલ, આરોગ્યમંત્રી)

. . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

.....................................

## RAJPAYAL PARIKSHA LEKH

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે પરીક્ષાને આત્મવિશ્વાસ અને પરિશ્રમનું પર્વ ગણાવી આગામી પરીક્ષાઓને ધ્યાનમાં રાખીને વિશેષ લેખના માધ્યમથી વિદ્યાર્થીઓને મહત્વપૂર્ણ માર્ગદર્શન આપ્યું છે. શ્રી દેવવ્રતે લેખમાં જણાવ્યું કે , પરીક્ષાનો સમય નજીક આવતાં જ વિદ્યાર્થીઓના મનમાં ગભરાટ અને તણાવ વધવા લાગે છે, પરંતુ પરીક્ષાથી ડરવાની જરૂર નથી. તેને એક ઉત્સવ તરીકે ઉજવવી જોઈએ.

પરીક્ષા તમારા જ્ઞાન અને મહેનતને પરખવાની એક પારાશીશી માત્ર છે, એક માધ્યમ માત્ર છે. પરીક્ષા તમારી ક્ષમતાનું મૂલ્યાંકન કરવાની એક પ્રણાલી છે, જેનાથી તમને ખબર પડે કે, આખા વર્ષ દરમિયાન તમે કેટલું શીખ્યા અને

કયા ક્ષેત્રમાં સુધારાની જરૂર છે? તેમ શ્રી દેવવ્રતે ઉમેર્યું હતું. શ્રી દેવવ્રતે વિદ્યાર્થીઓને પરીક્ષા ખંડમાં જતાં પહેલા ધ્યાનમાં રાખવામાં આવતી બાબતો પણ જણાવી બિનજરૂરી બાબતોથી દૂર રહેવા પણ સલાહ આપી છે.

. . . . . . . . . . . . .

# INDIA RETURN

અમેરિકાથી બીજી ઉડાનમાં ભારત પરત મોકલાયેલા ભારતીયોમાં આઠ ગુજરાતીઓ પણ છે. આ તમામ ગુજરાતીઓને આજે સવારે અમદાવાદ હવાઈમથક ખાતે લવાયા હતા. અમદાવાદના અમારા પ્રતિનિધિ જણાવે છે , સ્થાનિક પોલીસ, ઇન્ફર્મેશન બ્યૂરો, SOG સહિતની ટુકડી હવાઈમથક ખાતે હાજર હતી. દરમિયાન મહેસાણા પોલીસ બાળક સાથેના પરિવાર સહિત 6 લોકોને અને ગાંધીનગર પોલીસ ગાંધીનગરના 2 લોકોને લઈ રવાના થઈ હતી.

. . . . . . . . . . . . .

# NARMADA BRONZE MEDAL

નર્મદા જિલ્લાનાં 18 વર્ષનાં ખેલાડી પ્રીતિ વસાવાએ ઉત્તરાખંડમાં યોજાયેલા 38મા રાષ્ટ્રીય રમતોત્સવમાં જિમ્નાસ્ટીક્સમાં કાંસ્ય ચંદ્રક મેળવ્યો છે. મળતી માહિતી મુજબ, પ્રીતિ વસાવા જિમ્નાસ્ટીક્સની ટ્રેમ્પોલિન ઇવેન્ટ સ્પર્ધાના ફાઈનલ રાઉન્ડમાં આઠ ખેલાડીઓ વચ્ચે સારું પ્રદર્શન કરી આ સિદ્ધિ મેળવી છે. કાંસ્ય ચંદ્રક વિજેતાં ખેલાડી પ્રીતિ વસાવાએ આ અંગે પ્રતિક્રિયા આપી હતી.

(બાઈટઃ પ્રીતિ વસાવા, કાંસ્ય ચંદ્રક વિજેતા ખેલાડી)

ઉલ્લેખનીય છે કે, ઉત્તરાખંડના 38મા રાષ્ટ્રીય રમતોત્સવમાં 35 રમત માટે રાજ્યમાંથી 30થી વધુ સ્પર્ધકે ભાગ લીધો હતો. તેમાંથી એક પ્રીતિ વસાવા પણ હતાં.

. . . . . . . . . . . . .

# WPL CRICKET

મહિલા પ્રીમિયર લીગ- WPL ક્રિકેટની ત્રીજી મેચ આજે ગુજરાત જાયન્ટ્સ અને યુપી વૉરિયર્ઝ વચ્ચે વડોદરામાં રમાશે. આ મેચ હમણાં સાડા સાત વાગ્યે શરૂ થશે. હાલમાં મળતા અહેવાલ મુજબ , ગુજરાત જાયન્ટ્સે ટૉસ જીતીને પહેલાં ફિલ્ડીંગ પસંદ કરી છે.

આ પહેલાં રૉયલ ચેલેન્જર્સ બેંગ્લુરુએ ગુજરાત જાયન્ટ્સને પહેલી મેચમાં 6 વિકેટથી હરાવ્યું હતું. હવે યુપી વૉરિયર્ઝની ટીમ આજની મેચથી પોતાના અભિયાનનો પ્રારંભ કરશે. ગુજરાત જાયન્ટ્સની ટીમ એશલી ગાર્ડનર અને યુપી વૉરિયર્ઝની ટીમ દિપ્તી શર્માનાં સુકાની હેઠળ રમશે.

. . . . . . . . . . . . .

# I&B Secretary-Akashwani Bhuj Visit

માહિતી અને પ્રસારણ મંત્રાલયના સચિવ સંજય જાજુએ આજે કચ્છમાં આકાશવાણીના ભુજ કેન્દ્રની મુલાકાત લીધી હતી. તેમણે આગામી સમયમાં શરુ

થનારા FMનો વ્યાપ કચ્છના છેવાડાના અને સરહદી વિસ્તાર સુધી પહોંચશે તેવો આશાવાદ વ્યક્ત કર્યો. ઉપરાંત , શ્રી જાજુએ સમાચાર બુલેટીન અને અન્ય કાર્યક્રમો અંગે પણ વિગતો મેળવી હતી. તેમણે સ્થાનિક કચ્છી ભાષામાં સમાચાર બુલેટીન શરુ કરવા પર ખાસ ભાર મૂક્યો હતો.

. . . . . . . . . .

# Daman – PMJAY Camp

કેન્દ્રશાસિત પ્રદેશ દમણમાં પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજનાની શિબિર માં લોકોને યોજનાના કાર્ડ કાઢી અપાયા હતા. વિવિધ વિસ્તારમાં 30મી એપ્રિલ સુધી યોજાનારી શિબિર અંગે ડૉ.બિજલ કાપડિયાએ માહિતી આપી .

(બાઈટ ડૉ.બિજલ કાપડિયા)

. . . . . . . . . . . . .

# Accident

મહીસાગર જિલ્લાના ગાંધીયાના મુવાડા ગામ પાસે બાઇક અને કાર વચ્ચે અકસ્માત સર્જાતા પિતા પુત્રીના મોત નીપજ્યાં છે. અમારા જિલ્લા પ્રતિનિધિ કૌશિક જોશી જણાવે છે કે રાજમાર્ગ પરથી પસાર થતાં કાર ચાલકે બાઇક સવારને ટક્કર મારતા 5 વર્ષની બાળકી અને તેમના પિતાનું ઘટના સ્થળે મોત નીપજ્યું હતું.

આ તરફ બનાસકાંઠા જિલ્લાના અંબાજીના ચીખલા ગામ પાસે બે કાર વચ્ચે અકસ્માત થતાં પાંચ લોકો ગંભીર રીતે ઇજાગ્રસ્ત થયા હતા. ઇજાગ્રસ્ત ચાર લોકોને અંબાજીની સિવિલ હોસ્પિટલમાં જ્યારે એકને પાલનપુરની હોસ્પિટલમાં લઇ જવાયા હતા.

. . . . . . . . . . . . .

# Daman Coast Guard Program

કેન્દ્રશાસિત પ્રદેશ દમણ ખાતે તટ રક્ષક ના 49મા સ્થાપના દિવસ નિમિત્તે વિવિધ કાર્યક્રમો યોજાયા. બે દિવસના આ કાર્યક્રમમાં દમણ , વાપી, સિલવાસા અને વડોદરાની વિવિધ શાળા-કોલેજોના 800 વિદ્યાર્થીએ ભાગ લીધો.

અમારા પ્રતિનિધિ પ્રદીપ ભાવસાર જણાવે છે કે આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને તટ રક્ષકની પ્રવૃત્તિઓથી વાકેફ કરાયા અને મૂળભૂત સલામતીના પગલાં વિશે માહિતી આપવામાં આવી. ઉપરાંત અગ્નિ પ્રદર્શન અને હેલિકોપ્ટર એરોબેટિક શો સહિતના કાર્યક્રમ પણ યોજાયા.

. . . . . . . . . . . . .